**જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઊભો છે.**



જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે :

# જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

**FRIDAY**
**9**
**OCTOBER-2020**
**રાતના ૮ વાગે**

**જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્ત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે.**

**આગમથી લઈને આજ સુધી લખાયેલા ગ્રંથોનો પરિચય આજે વિસરાઈ રહ્યો છે, ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.**

જૈન સાહિત્યના અભ્યાસક્રમનો શૈક્ષણિક રીતે આરંભ થઈ રહ્યો છે. જૈન સાહિત્ય અને તેની વિવિધતા, સમૃદ્ધિ, રોચકતા અંગે પ્રથમવાર આ કોર્સનાં નેજાં હેઠળ વાત થશે. આજ સુધી અવગણાયેલાં, અજાણ્યાં વિશ્વમાં જૈન સાહિત્યના વિશ્વને પ્રથમવાર રજૂ કરીએ છીએ.

જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ સમાજને સમાવિષ્ટ કરતુ અહિંસા અને પરસ્પર જીવો અને જીવવા દોનો માંગલ્યમય સંદેશ આપે છે.

સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ...

અનેક વિદ્વાનોએ જીવનભર જે સાહિત્યનો અભ્યાસ કર્યો છે, તેમની વિદ્વતાનો લાભ વ્યાખ્યાનોમાં મળશે.

**૯મી ઓક્ટોબરે ૨૦૨૦ના રોજ વ્યાખ્યાન :શુક્રવાર, રાતના ૮ વાગે**

**વ્યાખ્યાતા : ડૉ. અભય દોશી : શ્રીપાલરાસ – કથાના માધ્યમે આત્માનુભૂતિ**

**સત્ર સંચાલક : ડૉ. સેજલ શાહ**

## ડૉ. અભય દોશી



'શ્રીપાલરાસ' એ જૈનધર્મ-સાહિત્યની અતિપ્રસિદ્ધ કૃતિ છે. વિનયવિજયજી અને યશોવિજયજીની આ સંયુક્ત રચનાનું દર ચૈત્ર અને આસો મહિનાની આયંબિલની ઓળીમાં વાંચન કરવામાં આવે છે. આ રચના, કથા તરીકે તો રસમય છે જ, સાથે જૈનદર્મના આરાધ્ય તત્ત્વો સુદેવ, સુગુરુ અને સુધર્મના રહસ્યનો 'નવપદ'ના માધ્યમથી પરિચય કરાવે છે. સત્ત્વ, તત્ત્વ અને સૌંદર્યથી અલંકૃત આ રચનાનો નવપદઓળીના પ્રસંગે તેના હાર્દનો પરિચય પ્રસ્તુત છે.

આ કથામાં શ્રીપાલના જીવનની પડતી અને ચઢતીની રસમય કથા છે. મયણાનું અપૂર્વ સમર્પણ ભારતીય સતીનું જાજ્વલ્યમાન ગૌરવ છે, તો સાથે જ શ્રીપાલનું દાક્ષિણ્ય દાંપત્યની માંગલ્યશીલાનો સ્તંભ છે. સિરિસિરિવાલા કહાથી પ્રારંભી શ્વેતાંબર, દિગંબર પરંપરાના અનેક કવિઓએ આ કથાની રસમય પ્રસ્તુતિ કરી છે. પરંતુ આ પ્રસ્તુતિમાં આ યુગલકવિની રચના શિખરસમી છે.

**વક્તાનો પરિચય :** ડૉ. અભય દોશી, મુંબઈ વિદ્યાપીઠમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. 'ચોવીસીઃ સ્વરૂપ અને સાહિત્ય' એ એમનો પીએચ.ડી.નો શોધ નિબંધ છે. તેઓ ૧૬ વર્ષ મીઠીબાઈ કૉલેજમાં પ્રાધ્યાપકરૂપે કાર્યરત હતા, હાલ બાર વર્ષથી મુંબઈ યુનિવર્સિટીમાં અધ્યાપન કરાવી રહ્યા છે. કુલ છ વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી ચૂક્યા છે અને ચાર વિદ્યાર્થીઓ એમ.ફિલ. કરી ચૂક્યા છે.

હાલ છ વિદ્યાર્થી પીએચ.ડી. કરી રહ્યા છે, તેમાં સાધુભગવંતો અને સાધ્વીજીઓનો સમાવેશ થાય છે. સાત પુસ્તકો પ્રકાશિત થયા છે અને બીજા ત્રણ ટુંક સમયમાં પ્રકાશિત થશે.

**આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની લિંક:** https://youtu.be/mbV7jjEuIMY

zoom
CLICK HERE TO JOIN MEETING

**ઝૂમ લીંક :** **https://bit.ly/2SuDOzE**
**Meeting ID: 890 0779 0733**
**Passcode: 232678**

**તમારે કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવવાનું બાકી હોય તો :** Guj: https://forms.gle/p9usxGUJvVosKRcc8

**મહત્વપૂર્ણ સૂચનો:**
- ઓનલાઈનના આ કોર્સમાં દરેક ક્લાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કૉમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેક્નિકલ પ્રશ્ન આવ્યો હોય તો સંપર્ક કરો: **૯૭૬૯૬૫૫૩૪૫**

**આમંત્રક : જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ**
**પ્રેરક : સી.કે મહેતા**
**ટ્રસ્ટીગણ : દીપક મહેતા, ઈલા મહેતા, ભારતી મહેતા, સેજલ શાહ, યોગીની શેઠ, દિલીપ શાહ, બકુલ ગાંધી, બિપીન દોશી.**